રેડિયો પાલનપુરના કાર્યોની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ.

રેડિયો પાલનપુરને કોમ્યુનિટી રેડિયો તરીકે રાષ્ટ્રીય કક્ષાએ સન્માન પ્રાપ્ત થયું.
(પાલનપુર)
રેડિયો પાલનપુર એટલે પાલનપુરનો અવાજ અને ઉત્તર ગુજરાતનું પ્રથમ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન. લોક જાગૃતિ,શિક્ષણ,કળા અને સમાજ સેવાના વિવિધ પરિણામ લક્ષી કાર્યો માટે રાષ્ટ્રીય કક્ષાના સન્માન માટે પસંદગી થઈ હતી.

આ તબક્કે રેડિયો પાલનપુરના અભિજીતસિંહ રાઠોડ દ્વારા મળેલી જાણકારી મુજબ કોરોના સમય અને તે પછી શિક્ષણ,આરોગ્ય,મહિલા જાગૃતિ અને સમાજના ઉત્કર્ષ માટે થયેલ કામગીરીને ધ્યાનમાં રાખી સિંહઘઢ યુનિવર્સીટી સોલાપુર ખાતે આયોજિત સમારોહમાં રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયું છે. તારીખ ચાર અને પાંચ માર્ચ 2023 દરમિયાન આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં 90.4 એફ.એમ. રેડિયો પાલનપુરને સન્માનિત કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.




રેડિયો દ્વારા યુનિસેફ,સમગ્ર શિક્ષા,મહિલા અને બાળ કલ્યાણ જેવા વિભાગમાં વિશેષ કાર્યક્રમોનું નિર્માણ અને વ્યવસ્થા સાથે પરિણામ સુધી પહોંચી શકવા માટે આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. સર ફાઉન્ડેશનના ચેરમેન સિદ્ધારામ મશાળે, બાલા સાહેવ વાઘ,હેમા પાટીલ અને યુનિવર્સીટીના અધિકારીઓ અને ચેરમેનની વિશેષ ઉપસ્થિતિમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. રેડિયો પાલનપુર વતી આ સન્માન જિલ્લાના શિક્ષક અને રેડિયો પાલનપુર ખાતે જીવતી વાર્તાના માધ્યમથી જોડાયેલ ડૉ.ભાવેશ પંડ્યા દ્વારા આ સન્માન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. સન્માન બદલ રેડિયો પાલનપુર દ્વારા રેડિયો સાથે જોડાયેલ દરેક આર.જે. ઉપરાંત શ્રોતાઓ અને સહયોગીઓનો આભાર માનવામાં આવ્યો હતો.